ફેબ્રુઆરી ૨૦૧૨

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# હું તને જોઈ લઈશ !

## સંપાદકીય

બાળમિત્રો,

દરેક જીવને સુખ ગમે છે. દુઃખ કોઈને ગમતું નથી. તેથી આપણા તરફથી જ્યારે કોઈને જાણતા કે અજાણતા દુઃખ અપાઈ જાય છે ત્યારે સામેની વ્યક્તિ કદાચ મોઢેથી કંઈ ન બોલે, પણ અંદરખાને વેર બાંધી દેતી હોય છે અને આવતા ભવે એ આપણને દુઃખ આપીને વેરનો બદલો વાળે છે. માટે પરમ પૂજ્ય દાદા ભગવાન ઠોકી ઠોકીને આપણને ચેતવે છે કે કોઈ પણ જીવને દુઃખ ના આપશો.

વેર કેવી કેવી રીતે બંધાય છે, એના પરિણામ શું, એમાંથી કેવી રીતે છૂટાય વગેરેની સમજણ પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં આપી છે.

તો ચાલો, આ અંક વાંચીને આપણાથી જેને દુઃખ થયું હોય એની માફી માંગીને વેરમાંથી છૂટી જઈએ.

- ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


દાદાજી કહે છે ૧
વેરથી વેર ન શમે ૨
આ તો નવી જ વાત ! ૯
વેરની વસૂલાત ૮
મીઠી યાદેં ૧૧
ચાલો રમીએ... ૧૨
ઐતિહાસીક ગૌરવગાથાઓ ૧૪
બાળકો સાથે પૂજ્યશ્રી ૧૫
પઝલના જવાબો ૧૯



# અક્રમ એક્સપ્રેસ

**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૬
સળંગ અંક : ૪૨
**ફેબ્રુઆરી ૨૦૧૨**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯


રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.**: ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.**: ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Printed, Published and Owned by :**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...

દાદાશ્રી : કોઈકને જાણતા કે અજાણતા સહેજેય છંછેડ્યો એટલે એ પોતે બદલો લેવા નિયાણું (નક્કી) કરે કે 'આને તો ખલાસ કરી નાખું !'. કોઈ જીવને ત્રાસ આપીએ તો એ વેર બાંધે અને આવતે ભવ વેરનું ફળ આવે ! એવું આવે કે જિંદગી આખી દુ:ખી દુ:ખી થઈ જાય.

માટે કોઈ જીવને ત્રાસ ના અપાય. સામો તમને ત્રાસ આપતો હોય તો ય તમે નવેસરથી આપવાનું બંધ કરી દો, જો વેરથી છૂટા થવું હોય તો. ઝઘડો થાય તે જ ઘડીએ વેરનું બીજ પડી જાય. પૂર્વે જે ઝઘડા કરેલા તેના વેર બંધાયા અને તે વેર આજે ઝઘડા રૂપે ચૂકવાય છે.


નાનામાં નાનો માણસ હોય, દા.ત મજૂર, એનોય તિરસ્કાર નહીં કરવો. તિરસ્કારથી એનો અહંકાર દુભાય. એમાં તો જબરજસ્ત વેર બાંધે ! એક માણસ જોડે વેર બંધાય તો સાત ભવ બગાડે. એ તો એમ કહેશે કે 'મારે તો મોક્ષે જવું નથી, પણ તને ય હું મોક્ષે જવા નહીં દઉં !'

પ્રશ્નકર્તા : દુ:ખ અપાયું તેથી જ વેર વાળે ?

દાદાશ્રી : એ એમને એમ વેર નથી વાળતા, દુ:ખનો બદલો લે છે. બહુ અથડામણ થાય ને પછી એ રીસ રાખે. મનમાં કહે, 'મારા ઘાટમાં આવે ત્યારે હું એનું તેલ કાઢીશ (બદલો વાળીશ).' તે રીસ રાખ્યા વગર રહે નહીં ને ! આ જીવમાત્ર રીસ રાખે. પછી આવતે ભવ તેલ કાઢી નાખે. અરે, સાપણ થઈને કૈડે હઉ !


પ્રશ્નકર્તા : ગયા અવતારમાં કોઈની જોડે વેર બાંધ્યું હોય તો તે કોઈ ભવમાં પાછું તેને ભેગા થઈને ચૂકવવું પડે ને ?


દાદાશ્રી : ના, એવું નથી. વેર બંધાય એટલે મહીં રાગદ્વેષ થાય. દા.ત. ગયા અવતારમાં છોકરા જોડે વેર બાંધ્યું હોય તો ફરી છોકરા તરીકે જ જન્મીને વેર વાળે એવું જરૂરી નથી. આ ભવમાં એ છોકરો બિલાડી થઈને આવે. તમે તેને દૂધ ધરો તો એ તમારા મોઢાં પર નખ મારી જાય ! આમ, તમારું વેર ચૂકવાઈ જાય.



પ્રશ્નકર્તા : વેરથી છૂટવા શું કરવું ?


દાદાશ્રી : તેથી તો આપણે પ્રતિક્રમણ કરીએ છીએ. પ્રતિક્રમણ માત્ર મોક્ષે લઈ જવા માટે નથી, પણ એ તો વેર અટકાવવા માટે ભગવાનને ત્યાંનો ફોન છે. પ્રતિક્રમણમાં કાચા પડ્યા તો વેર બંધાય. ભૂલ જ્યારે સમજાય ત્યારે તરત જ પ્રતિક્રમણ કરી લો. એનાથી વેર બંધાય જ નહીં. સામાને વેર બાંધવુ હોય તોય ના બંધાય. કારણ કે પ્રતિક્રમણ કરીએ ત્યારે આપણે સામાના આત્માને સીધો જ ફોન પહોંચાડીએ છીએ.


વેરથી વેર ન શમે
મેવાપુરના રાજા સુમંત સાથે વર્ષો જૂના વેરની વસૂલાત કરવા માટે, રાજગઢના રાજા બલરાજે મેવાપુર ઉપર ચઢાઈ કરી. સુમંત અને એના પરિવારને કેદી બનાવી દીધા અને મેવાપુરને છિન્ન ભિન્ન કરી નાખ્યું.
સુમંતને શું સજા કરું ? એવી સખત સજા કરવી છે કે મેવાપુરનું છોકરું પણ બલરાજના નામે થથરે.
માથે મુંડન કરી, હજાર ચાબખા મારી, ગધેડાની પૂંછડીએ ઊંધો બાંધી આખા નગરમાં નગરવાસીઓ વચ્ચે એને ફેરવું, ત્યારે મારા કાળજાને ઠંડક થશે.
ત્યાં તો અચાનક એની મહીંથી જ અવાજ આવ્યો : ઊભો રહે બલરાજ. જોયું તો એનો જ પડછાયો એને કહી રહ્યો હતો.
કોણ છે તું ?
હું તારી સદ્‌બુદ્ધિ છું. તું શું એમ સમજે છે કે આવું કરવાથી આ વેરનો અંત આવી જશે ? પછી સુમંત આનો બદલો નહીં લે ?



હું એને છોડીશ તો બદલો વાળશે ને ? આખી જિંદગી બંદી બનાવીને રાખીશ. અને તોય સીધો નહીં રહે તો મૃત્યુદંડ આપીશ.
મૃત્યુ એ જીવનનો અંત લાવી શકે, વેરનો નહીં. વેર તો એ બીજા જન્મમાં પણ લઈને જ છોડશે. વેર તો જન્મોજન્મ ચાલે.
બધી વાતો છે. આવતો ભવ કોણે જોયો છે?
આવતો ભવ નથી જોયો પણ પાછલો ભવ તો જોયો છે. આ વેર પણ પાછલા કેટલાક ભવોથી ચાલ્યું આવે છે.
હું કેવી રીતે માનું ?
આંખો બંધ કર, તને દેખાડું.
શું દેખાય છે ?
બલરાજ આંખો બંધ કરે છે.
પાછલા ભવમાં બલરાજ અને સુમંત બે જોડીયા ભાઈઓ છે. એક જ રાજાના કુંવર. બલરાજનું નામ પ્રીતમ છે અને સુમંતનું નામ કિશન. રાજગાદી મેળવવા માટે કિશને પ્રીતમ સામે ષડ્યંત્ર રચ્યું અને પ્રીતમ પણ કિશનને ખલાસ કરી નાખવાની યોજના ઘડી.


અચાનક એક દિવસ, કિશને પ્રીતમ પર તલવારથી હુમલો કર્યો. પ્રીતમ અંતિમ ક્ષણો ગણી રહ્યો હતો.
હું તને નહીં છોડું. આવતા ભવે પણ તને મારીને જ રહીશ.
જા જા હવે... આ ભવમાં તું મારું કશું નથી બગાડી શક્યો તો આવતા ભવે શું કરી લેવાનો ?
પછીના ભવમાં, બલરાજનો જીવ એક સાપ તરીકે જન્મ્યો અને સુમંતનો જીવ એ જ જંગલમાં એક વરુ તરીકે જન્મ્યો. એક દિવસ, એ સાપે વરુને એવો ઝેરીલો ડંશ માર્યો કે વરુ તડપી તડપીને મર્યો.
આમ, એક પછી એક બલરાજને પોતાના આઠ ભવ દેખાયા. દરેક ભવમાં બલરાજનો જીવ સુમંતના જીવને મારી જ નાખતો. આ જોઈ એ સમસમી ગયો અને જાગી ગયો.
અરે ભગવાન, આઠ-આઠ ભવથી હું વેર વાળતો આવ્યો છું છતાં ધરાયો નથી. આ ક્યાં જઈને અટકશે ?


હવે આ વેર બંધ કરવાનો એક જ રસ્તો છે. સુમંતને એનું મેવાપુર પરત કરી દઉં. હું બદલો લઈશ તો તે પણ બદલો વાળ્યા વગર નહીં રહે અને હું ભવોભવ આ વેરના કારણે ભટક્યા કરીશ.
બીજા દિવસે સવારે
સિપાહીઓ, સુમંત અને એના પરિવારને આદર અને સન્માન સહિત મેવાપુર મૂકી આવો.
અને પછી બલરાજ એના પુત્રને રાજગાદી સોંપી પોતાના વેરનું પ્રાયશ્ચિત કરવા વનમાં ચાલ્યો ગયો.

સામાના દોષ જ જોવા ના જોઈએ. પોતાના જ દોષ જો જો કરવા. આ તો એકબીજાને દોષ દે કે 'તમે આવા છો, તમે તેવા છો' ને તેથી મહીં વેર બંધાય છે. ઊંધું જોવાથી વેર બંધાય છે.



# આ તો નવી



પ્રતિક્રમણ થઈ ગયા એટલે ગમે તેટલું વેર હોય તોય આ ભવમાં જ છૂટી જવાય. પ્રતિક્રમણ એ એક જ ઉપાય છે.



બાકી વેરથી તો વેર જ વધે. સામા થઈએ તો વેર વધે. દા.ત. એક રીસ રાખે ત્યારે સામોય રીસ રાખે તો વેર વધે કે ઘટે?
જે વાત!
વેર જાય તો પ્રેમ ઉત્પન્ન થાય.દા.ત. જ્યાં સુધી કોઈ પ્રત્યે તમને રીસ છે ત્યાં સુધી તમને એના માટે પ્રેમ ઉત્પન્ન નહીં થાય.

# વેરની વસૂલાત

એક ગામમાં મદન નામનો એક ખેડૂત રહેતો હતો. મદન અને એનું પરિવાર ખૂબ શાંતિથી જીવી શકે એમ હતું, કોઈ વાતની ખોટ નહોતી. છતાંય મદનનું મન આખો દિવસ કલુષિત રહેતું. એનું કારણ હતું, એના પાડોશી ગગન સાથેનો ઝઘડો. જ્યાં સુધી મદનના પિતાજી અને ગગનના પિતાજી ઘરની સંભાળ લેતા હતા, ત્યાં સુધી આ બંને પરિવારો વચ્ચે ખૂબ સંપ હતો, જાણે એક જ કુટુંબના ન હોય. પણ જ્યારથી મદન અને ગગનના હાથમાં દેખ-રેખ આવી, ત્યારથી બધું જ બદલાઈ ગયું. દોસ્તી દુશ્મનાવટમાં બદલાઈ ગઈ. અને આ બધું શરૂ થયું સાવ નહીં જેવી વાતથી.

એક દિવસ ભૂલથી મદનની ગાયનું વાછરડું, ગગનના ફળિયામાં પેસી ગયું. મદનની પત્નીએ વાછરડાની તપાસ કરવા માંડી. ગગનની પત્નીને એનો ખ્યાલ ન હોવાથી એણે વાછરડાને જોયું નથી એમ કહ્યું. પણ જ્યારે ગગનના ફળિયામાંથી જ વાછરડું મળી આવ્યું, ત્યારે મદનની પત્નીએ ગગનની પત્ની પર ચોરીનો આરોપ મૂક્યો. આથી ગગનની પત્નીનો અહમ્ દુભાયો. તે પણ મદનની પત્નીને વિચાર્યા વગર આક્ષેપો આપવા લાગી. બન્ને વચ્ચે ચડસાચડસી વધતી ગઈ. જોતજોતામાં મદન અને ગગન પણ આ ઝઘડામાં જોડાઈ ગયા. અને પછી તો ખૂબ ધમાલ શરૂ થઈ ગઈ. બંને પરિવારો સામસામે એકબીજાને આરોપ આપવા લાગ્યા. 'તમે આવા ને તમે તેવા, તમે ચોર, તમેં બદમાશ.' અને આખરે, ક્રોધિત થઈને મદને એક મોટો પત્થર હાથમાં લઈ, ગગનના ઘર તરફ છૂટો ફેંક્યો. આમ એક નાની અમથી વાતનું વતેસર થઈ ગયું. પણ આટલાથી જ પત્યું નહીં. ગગને રીસ રાખીને પંચાયતમાં મદનની ફરિયાદ કરી અને મદનને સજા થઈ.

મદને પણ મનમાં આંટી રાખી કે તે મને સપડાવ્યો અને મારા પર આક્ષેપ મૂક્યો, હવે તું જોઈ લે કે હું શું કરું છું. અને પછી તો એકબીજાને નુકસાન કરી, ફરિયાદ કરવાનો સિલસીલો ચાલુ થઈ ગયો. બન્ને વચ્ચે એવું સજજડ વેર બંધાઈ ગયું કે જેમ બિલાડીને ઉંદરની ગંધ આવે, તેમ આ બે વેરવીને એકબીજાની ગંધ આવે, અને એકબીજાનું નુકસાન કરવા ફરે.




મદનના ઘરડા બાપુજી ઘણીવાર મદનને સમજાવતા કે બેટા, ગગન સાથે વાતચીત કરી, સમજીને આનો ઉકેલ લાવી નાખ. ગગન સાથે સમાધાન કરી લે. આ વેરથી મુક્ત થઈ જા. તું સામો થઈશ તો વેર વધશે. વેરથી વેર વધ્યા જ કરે. અને પછી આ વેરનું ફળ એવું આવે કે જિંદગીમાં જીવવા જેવું ન રહે એવું દુઃખ આવે. માટે કોઈ પણ રસ્તે આ વેર છોડી દે. પણ મદન બાપુજીની વાતને ગણકારતો નહીં.

આમ, આ ઝઘડાને છ વર્ષ વીતી ગયા. એક દિવસ મદનની વેરભૂખી વૃત્તિની જાણે પરાકાષ્ટા જ આવી ગઈ. મદને ગગન પર દુષ્ચારિત્રનો આરોપ મૂક્યો અને પંચાયતે ગગનને ચાલીસ ચાબખાં મારવાની સજા સુણાવી. આંખોમાં અત્યંત ઝેરીલા દ્વેષ સાથે ગગન બોલ્યો, ‘‘તે મારી પીઠ સળગાવી, હવે તું જો કે હું શું સળગાવું છું.’’

મદનના બાપુજીને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે એમણે નિસાસો નાખતા કહ્યું, ‘‘આ વેર તને બહુ ભારે પડશે મદન.’’

આ બાજુ ઘાયલ ગગન વેદનાથી કણસી રહ્યો હતો. દિલમાં વેરની તીવ્ર જ્વાળાઓ સળગી રહી હતી. એની પત્ની એના ઘા પર ચંદનનો લેપ લગાડી રહી હતી. પણ વેરની અગ્નિ એ ઠંડકની અસર થવા દેતું ન હતું. રાત વીતી રહી હતી પણ એને ઊંઘ આવતી ન હતી. એ ઊઠ્યો, એણે લાકડું સળગાવ્યું.

મદન પણ જાગતો જ બેઠો હતો. રાતના અંધારામાં એણે ગગનની હલનચલન જોઈ. ‘‘તું નહીં છટકી શકે. મારી ઝૂંપડીને આગ લગાવવા જાય છે? હું તને નહીં છોડું.’’ એમ ધૂંધવાઈને મદન ગગન તરફ દોડ્યો. પણ એ ગગનને પકડવા જાય એ પહેલા જ ગગને એને જોરથી માથામાં માર્યું, અને મદન જમીન



પર ઢળી પડ્યો. જ્યારે ભાન આવ્યું, ત્યારે ગગન તો દેખાયો નહીં, પણ પોતાની ઝૂંપડી સળગતી જોઈ. થોડી જ વારમાં ગગનની ઝૂંપડીને પણ આગ લાગી ગઈ. મદન અને ગગનનું પરિવાર તો બચી ગયું. બાપુજીને પણ બચાવી લીધા પણ બન્નેની ઝૂંપડીઓ રાખ થઈ ગઈ. બન્ને ઘર વગરના થઈ ગયા.

મદન માથે હાથ દઈને બેઠો હતો. બાપુજીએ એને પૂછ્યું, ''કોણે સળગાવી ઝૂંપડી?''

''એણે જ, મારું ભયંકર નુકસાન કર્યું છે.'' મદને ઊશ્કેરાઈને જવાબ આપ્યો.


''ગગને સળગાવી કે તારા વેરે સળગાવી? સાચુ કહે, કોનો દોષ છે?'' બાપુજીએ પૂછ્યું અને એને ફરી સમજાવતા બોલ્યા, ''એણે તારું નુકસાન કર્યું કહે છે પણ તે એનું શું ઓછું નુકસાન કર્યુ છે ? તને એની ભૂલ દેખાય છે પણ તારી દેખાતી નથી. આ વેરે તને આંધળો બનાવી દીધો છે. બેટા, તારા આ ઘરડા બાપની વાત સાંભળ. છોડી દે આ વેરને. હજી મારી વાત માન. કોઈને જાણ થવા દઈશ નહીં કે આગ કોણે લગાવી છે! વેરને બંધ કરવાની આ સારી તક છે તારી પાસે.'' બાપુજીએ કહ્યું.

હવે મદનની આંખો ખુલી ગઈ હતી. ઝૂંપડી સળગ્યાના નુકસાન કરતાં વેરની આગમાં સળગવાનું નુકસાન અનેકગણું વધારે છે એવું એને સમજાઈ રહ્યું હતું. એને થયું, બાપુજી સાચું જ કહે છે. એણે આ બનાવની ફરિયાદ તો ન કરી પણ એ દિવસથી એણે ગગન સામે આરોપો ઠોકવાનું પણ સાવ છોડી દીધું.

ગગનને મદનના આ પરિવર્તન પર નવાઈ તો લાગી. એનું મદનને નાની-મોટી રીતે હેરાન કરવાનું હજી ચાલુ હતું પણ મદન તરફથી સામો કોઈ પ્રતિકાર ન જતો. એ સમતા રાખી ખમી જતો અને મનમાં પોતાની ભૂલો પર પસ્તાવો કર્યા કરતો. ધીમે ધીમે ગગન ઠંડો પડ્યો. અંતે એણે મદનને હેરાન કરવાનું છોડી દીધું.

ધીમે ધીમે એને પણ પોતાના વર્તન પર પસ્તાવો થવા લાગ્યો. બન્નેની પત્નીઓ પણ પોતાના પતિમાં પરિવર્તન જોવા લાગી. એમને પણ પોતાની ભૂલ સમજાઈ અને પસ્તાવો થવા લાગ્યો. નવા વર્ષના ટાણે મદન અને એની પત્ની ગગનના ઘરે જઈ એમની માફી માંગી જૂનું વેર ભૂલી જવા કહ્યું.

આમ વર્ષોથી ચાલી આવેલા વેરનો અંત આવ્યો.



# મીઠી યાદેં

સાલ ૧૯૮૦ની વાત છે. અમદાવાદના એક મહાત્માએ પરમ પૂજ્ય દાદા ભગવાનને વિનંતી કરી કે તમે અમદાવાદમાં આવો, મારે ઘરે પધારો. અહીંયા આપણે પર્યુષણ પર્વ ઉજવીએ. બધી વ્યવસ્થા હું કરીશ. અચાનક દાદાની તબિયત નરમ થવાથી એમણે પૂજ્ય નીરુમાને પેલા મહાત્માના ઘરે મોકલ્યા. દાદાના કહ્યા મુજબ થોડી સત્સંગની વાતો કર્યા પછી નીરુમા રોજ સવાર-સાંજ સામાયિક કરાવતા. છેલ્લા સંવત્સરીના દિવસે બે કલાક બેસીને આખી જીંદગીના દોષો જોવાનું પ્રતિક્રમણ કરાવ્યું.

જેવું પ્રતિક્રમણ પૂરું થયું કે પેલા મહાત્માએ આવીને સીધા નીરુમાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને બોલ્યા, "પ્રતિક્રમણ કરતા કરતા મને પાછળનું બધું દેખાયું કે મેં તમારી જોડે ૯૦૦ વર્ષ પહેલા વેર બાંધ્યું હતું. આજે હું એનું પ્રતિક્રમણ કરીને, સાષ્ટાંગ દંડવત્ કરીને, તમારી પાસે માફી માંગી પ્રતિક્રમણ કરીને પ્રત્યક્ષમાં ધોઈ નાખું છું."

પછી વિગતવાર જણાવતા કહ્યું, "૯૦૦ વર્ષ પહેલા દાદા એક મોટા આચાર્ય હતા, તમે એના મુખ્ય શિષ્ય હતા. હું તમારો સહાધ્યાયી હતો. એક વખત કંઈક વસ્તુની જરૂર હતી, ત્યારે તમે મને કહ્યું કે, તમે બહાર જઈને આટલું કામ કરી આવો. રાત થઈ ગઈ હોવાથી પહેલા તો મેં ના પાડી. કારણ કે રાત્રે સાધુથી બહાર ન જવાય. પણ તમે મને આગ્રહ કર્યો કે, જવું જ પડશે. તમે મોટા હોવાથી મારે તમારું માનવું પડે એમ હતું. તેથી ગયો તો ખરો પણ અંદર બહુ ખૂચ્યું કે તમે મારો આચાર તોડાવ્યો (વ્રતભંગ). ત્યારનું મેં વેર બાંધ્યું હતું. એ ૯૦૦ વર્ષ સુધી ખેંચાયું. આજે પ્રતિક્રમણ કરતાં કરતાં પડ ખસ્યા અને દેખાયું. આજે હું બધાની વચ્ચે માફી માંગીને એ વેરને ધોઉં છું."



આ સાંભળીને પૂજ્ય નીરુમાએ એમની વાત સ્વીકારીને તરત જ એ મહાત્માને દંડવત્ પ્રણામ કરી માફી માંગી કે તે વખતે અમે સત્તામાં હતા ત્યારે અમારાથી આવો જુલમ થઈ ગયો. એની અમે પણ માફી માંગીએ છીએ. આમ સામસામે બન્નેએ વેર ધોયું.


જોયું મિત્રો, આ વેરની ભયાનકતા ! સાધુ વેશ, ઊચ્ચ કોટિના ગુરુનું સાનિધ્ય, મોક્ષનો ધ્યેય છતાં સહેજ બળપૂર્વક ન ગમતું કરાવ્યું કે વેર બાંધ્યું.

અને જ્ઞાનીઓની ય ફક્ત છૂટવાની ભાવના કેવી મજબૂત કે પોતાનો દોષ ખબર પડતાની સાથે તરત જ માફી માંગી લે. તપાસે ય કરવા ન રહે કે આવું થયું હતું કે નહીં.


# ચાલો રમીએ...

## ૧

બાજુના ચિત્રમાં કેટલા ત્રિકોણ સમાયેલા છે તે શોધો.



## ૨



આ સુંદર લેન્ડસ્કેપ (દશ્ય)માં એનો લેન્ડલોર્ડ (માલિક) છુપાયેલો છે. તે શોધી કાઢો.

## 3 જાદુ!

**શોધી કાઢો કે નીચેના ચોકઠામાં જે આંકડાઓ લખાયા છે એની ખાસિયાત શું છે ?**

| | | | |
|---|---|---|---|
| 96 | 11 | 89 | 68 |
| 88 | 69 | 91 | 16 |
| 61 | 86 | 18 | 99 |
| 19 | 98 | 66 | 81 |

## ૪

**નીચેની આકૃતિમાં એક અંગ્રેજી મહિનો છૂપાયેલો છે. એ શોધી કાઢો.**



# મારી સમજણ



ટીન્કુ અને મિન્કુ બે એક જ ક્લાસમાં ભણતા હતા. ટીન્કુ બધી જ રીતે હોશિયાર અને ચબરાક. જ્યારે મિન્કુ નબળા મગજનો અને ઢીલો. તેથી ટીન્કુ વારે વારે એના પર ગુસ્સે થઈ જતો, વાત વાતમાં એને ઉતારી પાડતો, બધા સામે એની મશ્કરી કરતો. મિન્કુને આ ગમતું નહીં પણ એ લાચાર હતો. બહુ દુઃખ થાય ત્યારે એ અંદર અંદર રડી પણ લેતો. અને ક્યારેક બહુ જ ગુસ્સો આવે ત્યારે મનમાં ને મનમાં ટીન્કુ પ્રત્યે ગાંઠ પણ બાંધતો કે હું તને જોઈ લઈશ.

આ બાબતે ટીન્કુ અને મિન્કુ બન્નેને તમે શું સમજણ આપશો ?

# ઐતિહાસીક ગૌરવગાથાઓ

મગધ નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતાં. એમને અનેક રાણીઓ હતી પણ સૌથી માનીતી રાણી હતી મહાદેવી ચેલ્લણા.

મહારાણી ચેલ્લણા જ્યારે ગર્ભવતી હતા ત્યારે એમને દોહદ ઉત્પન્ન થયો (ઈચ્છા થઈ). એમના હૃદયમાં અચાનક વિચાર ઝળક્યો કે 'હું રાજા શ્રેણિકના હૃદયનું માંસ ખાઉં!'

આ વિચારનો ઝબકાર થતા મહારાણી આકુળ વ્યાકુળ થઈ ગયા. રાજા શ્રેણિકને તેઓ અનહદ ચાહતા હતા. એમને થયું કે નક્કી મારા ગર્ભમાં રહેલ જીવ મારા પતિનો વેરી છે ! એ વિના, આવો વિચાર મને આવે જ નહિ!

રાણી ચેલ્લણા થથરી ગયા. રાણીએ મનોમન નક્કી કર્યું કે બાળકનો જન્મ થશે કે તરત તે બાળકને જંગલમાં ફેંકાવી દેશે ! જે મારા પતિના વેરી હોય તેને હું પ્રેમ કરી શકું નહિ !

એમ જ થયું. બાળકનો જન્મ થતાં જ એમણે દાસીને હુકમ કર્યો કે આ 'બાળકને જંગલમા નાંખી આવ !'

દાસી બાળકને જંગલમાં ઉકરડામાં નાંખીને પાછી વળતી હતી ત્યાં રાજા શ્રેણિકે તેને જોઈ. શ્રેણિકે તેને પૂછયું કે 'ક્યાં ગઈ હતી ?'

દાસી ગભરાઈ ગઈ તેણે સાચી વાત કહી દીધી.

રાજા શ્રેણિક જંગલમાં દોડ્યા. એમણે બાળ રાજકુમારને શોધી કાઢ્યો. શિયાળ આવીને તેને આંગળીએ કરડી ગયું હતું. રાજકુમાર ચીસો પાડતો હતો. રાજા શ્રેણિકે તેને ઊંચકી લીધો. તેની કરડાયેલી આંગળી જોઈ તેમનું પિતૃહૃદય કંપી ઊઠ્યું. તેમણે રાજકુમારની આંગળી પોતાના મોંમાં મૂકી દીધી. બાળક શાંત થઈ ગયું !

રાજા તેને રાજમહેલમાં લઈ આવ્યા. રાણી ચેલ્લણાની ગોદમાં મૂકીને ઠપકાભરી આંખે તેમની સામે જોયું, 'દેવી, આવું કરાય ?'

રાણી ચેલ્લણા હીબકા ભરતી હતી, 'સ્વામી, આ બાળક તમારો





વેરી છે. તમારો જે વેરી તે મારો પ્રિય ન હોય!'

રાજાએ એમને સમજાવ્યા. રાણીએ બાળકને અપનાવ્યું. રાજા રાણીએ એનું નામ પાડ્યું કુણિક

કુણિક યુવાન થયો. એ શૂરવીર અને મહત્વકાંક્ષી હતો. એને પિતાની રાજ્ય ચલાવવાની રીત જૂની લાગવા માંડી.

એક દિવસ એણે રાજા શ્રેણિકને સીધુ જ કહી દીધું, 'પિતાજી, હવે મને રાજ સોંપી દો!'


રાજા શ્રેણિક તેને જોઈ જ રહ્યા. કુણિકને થયું કે પિતાજી પોતાને રાજ્ય સોંપશે નહિ! એણે સૈન્યને વશમાં લીધું અને બળવો કર્યો. ભરબપોરે રાજા શ્રેણિકને જેલમાં પૂર્યા અને તે સ્વયં મગધનો મહારાજા બની ગયો!

આ સાંભળી રાણી ચેલ્લણાને ખૂબ આઘાત લાગ્યો. એમને થયું કે પોતાને કુણિકના જન્મ વખતે જે સૂઝતું હતું તે જ થયું!

કુણિક રાજા શ્રેણિક પ્રત્યે ક્રુર બની ગયો હતો. રાજા શ્રેણિક તેના પિતા છે તે જાણે સાવ ભૂલી જ ગયો હતો! રાજા શ્રેણિકને તે કોરડાના (ચાબુક જેવું) માર મારતો. ખાવા-પીવા આપતો નહીં. રાજા શ્રેણિક આ દિવસોને સમતાપૂર્વક પસાર કરતા જતા હતા. રાજા શ્રેણિકને કોઈ મળી ન શકે તેવી જડબેસલાખ વ્યવસ્થા એણે ગોઠવી હતી.

એક દિવસ રાજા કુણિક તેના નાનકડા પુત્રને રમાડતો હતો. કુણિકે માતા ચેલ્લણાને પૂછ્યું, 'મા, મારા જેવો પ્રેમ કોઈ પિતા એના પુત્રને કરતો હશે?'

રાણી ચેલ્લણાએ નિસાસો નાખતા કહ્યું, 'બેટા, પુત્રને સાચો પ્રેમ કરનાર આ દુનિયામાં માત્ર એક જ છે. તારા પિતા રાજા શ્રેણિક! મેં તો તને જંગલમાં ફેંકાવી દીધેલો, ત્યાંથી તને એ સ્વયં ઉપાડી લાવ્યા. તારી કપાયેલી આંગળી મોંમા મૂકીને તને શાંત કર્યો ને તને ઉછેરવાની મને આજ્ઞા કરી. આવા મહાન પિતાને તેં જેલમાં પૂર્યા! ધિક્કાર છે તને!'



આ સાંભળી મહારાજા કુણિકની વિચારધારાએ દિશા બદલી. એને પિતા પર પ્રેમ જાગ્યો. એને થયું કે હમણાં જ તે કેદમાંથી મુક્ત કરીને પિતાને લઈ આવે! એણે લુહારને શોધવામાં વિલંબ કરવાને બદલે હાથમાં કુહાડી લીધી ને જેલ તરફ દોડ્યો.

શ્રેણિકે કુણિકને કુહાડી સાથે આવતો જોયો. એમને થયું કે કુણિક ખૂન કરવા આવે છે. એને પિતાની હત્યાના પાપમાંથી બચાવવા એમણે હાથની વીંટીમાં છૂપાવેલું ઝેર ચૂસી લીધું અને મૃત્યુ પામ્યા.

શાસ્ત્રો કહે છે કે આગલા ભવમાં કુણિકે શ્રેણિક રાજા સાથે વેર બાંધ્યું હતું કે હું એના મૃત્યુનું કારણ બનું.

તેથી કુણિકના ભવમાં એવું જ બન્યું.

જોયું, વેરનું પરિણામ!

પ્રશ્નકર્તા : મને ભણવાનું ગમતું નથી એટલે મારા મમ્મી-પપ્પા આખો દિવસ વઢે છે તો હું શું કરું?


દીપકભાઈ : આપણને રમવાનું ગમે છે, પણ જીવનમાં એકલું રમવાનું ના હોય. તને કોઈ ચોવીસેય કલાક રમવાનું કહે અને કોઈ પણ બહેનપણી ના હોય તો ચાલે ખરું ? પછી ઊંઘવાનું નહીં, ખાવાનું નહીં, એકલું રમ્યા જ કરવાનું તો ચાલશે તને ? બધું જોઈએ ને થોડુંક. શરીર થાકી જાય તો ઊંઘવાનું ના જોઈએ ? ભૂખ લાગે તો ખાવાનું ના જોઈએ ? થોડું રમવાનું, થોડું ખાવાનું, થોડું ઊંઘવાનું, થોડું ભણવાનું, બધું કરવાનું. ભણવાની જરૂર હશે ખરી જીવનમાં ? શું કામ ભણવું જોઈએ ? કાંઈક આપણા જીવનમાં સારું ભણ્યા હોય તો આપણા પગ પર ઊભા રહેતા આવડે. જાતે નોકરી ધંધા કરી શકીએ. ભણવાથી આપણી બુદ્ધિ વિકાસ પામે છે. એટલે ભણવાનું નથી ગમતું એવું મનમાંથી કાઢી નાખવાનું. કારણકે આ પણ જીવનમાં જરૂરી છે, જેમ જીવનમાં ખાવું-પીવું જરૂરી છે. જેમ દેહને ખોરાકની જરૂર છે તેમ મનને ભણવાની જરૂર છે. ભણતર એ તો મનનો ખોરાક છે બુદ્ધિ, મન બધુ વિકાસ પામે. એટલે જીવનમાં જરૂરી છે. ભણવાનું, પણ આપણે ટાઈમીંગ સેટ કરવાના. મમ્મીને કહેવાનું કે, મમ્મી, હું એક કલાક રમીશ, દોઢ-બે કલાક ભણીશ, મારા માર્ક ઓછા નહીં આવે એની તને ખાતરી આપું છું. જો તું સારા માર્ક લાવીશને તો મમ્મી-પપ્પાને કોઈ બૂમ નહીં પાડવી પડે. હુંય જો સારું ભણ્યો છું. ત્રણ ધંધા કરતો હતો, પચ્ચીસ હજાર કમાતો હતો, તો કેવું આમ ખુમારીથી રહેવાયને મારાથી ? પેલી કેવી લાચારી લાગે! એટલે ભણજે. નીરુમા પણ કેવા ડૉક્ટર થયેલા! માટે તું ભણજે.



# બાળકો સાથે પૂજ્યશ્રી

# પઝલના જવાબો

**૧**




જવાબઃ ૩૫

**૨** ચિત્રને ૯૦ ડિગ્રી એન્ટીક્લોક (ડાબી બાજુ)ફેરવીને જુઓ. એનો ચહેરો દેખાશે.

**૩** આકૃતિને ઉપરથી અડધી ઢાંકી દો. પછી વાંચો. **JULY** (જૂલાઈ) મહિનો વંચાશે.



**૪** દરેક ઉભી,આડી અને ત્રાંસી હરોળમાં આવેલા ચાર આંકડાઓનો સરવાળો ૨૬૪ થાય છે. એટલું જ નહીં ચોકઠાને ઉંધું કરી જોશો તો પણ એ જ સરવાળો અકબંધ રહેશે.

## જો ક સ

**૧**

પપ્પાઃ તારે ખૂબ મહેનત કરી કંઈક મહાન કામ કરવાનું કે જેથી દુનિયાના ખૂણે-ખૂણે તારી ખ્યાતી ફેલાય.
પુત્રઃ પપ્પા આ અશક્ય છે.
પપ્પાઃ કેમ ?
પુત્રઃ કારણ કે પૃથ્વી ગોળ છે.

**૨**

જજ(ચોરને)ઃ તું જાણે છે કે ચોરી કરીને ખોટું બોલીને તું ક્યાં જઈશ ?
ચોરઃ હા જજસાહેબ, મને તો ખબર જ છે કે હું નરકમાં જઈશ.
જજઃ અને સાચું બોલીશ તો ?
ચોરઃ જેલમાં.

**૩**

શિક્ષકઃ હરદીપ, સત્ય અને ભ્રમ વચ્ચે શો તફાવત છે ?
હરદીપઃ ટીચર, તમે અમને ભણાવો છો એ સત્ય છે અને અમે ભણીએ છીએ એ તમારો ભ્રમ છે !

## ખુશ ખબર !

**પરમ પૂજ્ય દાદાશ્રીને સુરત સ્ટેશને જે સ્થળે જ્ઞાન પ્રગટ થયું હતું તે જ જગ્યાએ દાદા ભગવાન વિજ્ઞાન ભંડાર (બુક શોપ)નું સ્થાપન ડિસેમ્બર ૨૦૧૧માં કરાયું. તેના ઉદ્દ્ઘાટન પ્રસંગની ઝલક.**



દાદા ભગવાન વિજ્ઞાન ભંડાર



સુરત સ્ટેશન


Akram Express

February 2012
Year : 4, Issue : 6
Conti. Issue No.: 42


BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2012
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month


# ગોધરા ત્રિમંદીર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઝલક









પ્રતિષ્ઠા બાદ
શ્રી સીમંધર સ્વામી,
શ્રી કૃષ્ણ ભગવાન અને
શ્રી શિવ ભગવાનનું પ્રક્ષાલ પૂજન કરતા પૂજ્યશ્રી

# કિડ્સ પાર્ક


જાદુઈ ચશ્મા



પપેટશો



સુખની ચાવીઓ



અનેક શાળાઓએ કિડ્સ પાર્કની મુલાકાત
લીધી હતી અને વિવિધ શો માણ્યા હતા.

**અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના**

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.


Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.